

## સફેદ દૂધની – શ્વેત સંસ્થાના – શુધ્ધ વહિવટના બે વર્ષ

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul The Taste of India
Dudhsagar The Pride of India

અંક - ૮ । વર્ષ - ૨ । ફેબ્રુઆરી - ૨૦૨૩ www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## પ્રધાનમંત્રીથી લઈને પશુપાલકો સુધી પ્રશંસાને પાત્ર બનેલા બે વર્ષની

# દૂધગાથા

## સાગરની........................

૧૫ જાન્યુઆરી ૨૦૨૧ સાગરદાણમાં ₹૫૦ ના ભાવઘટાડા સાથે શ્રી.અશોકભાઈ ચૌધરી અને નૂતન નિયામક મંડળે સ્વ.માનસિંહભાઈ અને સ્વ.મોતીભાઈ ના મૂલ્યો ફરીથી પ્રસ્થાપિત કરવાની નેમ સાથે વહિવટ હાથમાં લીધો

સૌ પ્રથમવાર સત્તા સંભાળ્યા પછી દૂધના કામચલાઉ ભાવોને ₹૬૫૦ થી ₹૬૭૦ કરવામાં આવ્યા. અગાઉ ૮.૪ SNF એ ૨૫%નાણાં મળતાં હતા તે ૯૦% એ આપવાનો ઐતિહાસીક નિર્ણય લેવાયો.

દૂધસાગર ડેરીમાં શરૂ થનાર સૈનિક સ્કૂલને મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલ નામાભિદાન થયું.

સત્તાના પ્રથમ દિવસે જ દૂધસંઘમાં બિનજરૂરી એવા ૩૭ લાખો રૂપિયાના પગારદાર અધિકારીઓના રાજીનામા લઈ સંસ્થામાં બે વર્ષનો ૧૪ કરોડ રૂપિયાનો ફાયદો કરવામાં આવ્યો.

બેન્ક ઓફ બરોડા અને HDFC બેન્કમાં લોન ટ્રાન્સફર કરી અગાઉનો ૭.૧૦ % નો વ્યાજદર ૫.૬% ઉપર લાવી કુલ ૧.૫ % વ્યાજ ભારણ ઓછુ કરવામાં આવ્યું. આગામી ૬ વર્ષ માટે આનાથી સંસ્થાના ૧૬.૯૩ કરોડ રૂપિયા બચાવી લેવામાં આવ્યા.

SBI ની લાંબાગાળાની લોનને ટૂંકા ગાળામાં પરિવર્તિત કરી વ્યાજના વાર્ષિક ૧.૭૮ લાખ ઓછા કરી સંસ્થાને ફાયદો કરાવવામાં સફળતા પ્રાપ્ત કરી.

દૂરડા સહાયક યોજનાને નામે વેડફાઈ જતાં નાણાં અને ખર્ચાઓ બંધ કરી વાર્ષિક ૮૦ લાખ રૂપિયાની બચત કરવામાં આવી BMC કોન્ટ્રાક્ટમાં વન ટુ વન બેઠકો કરી ભાવ ઘટાડવામાં સફળતા મળી.

દૂધ માનસાગર ડેરી (માનેસર), દૂધ મોતીસાગર ડેરી (ધારૂહેડા) અને દૂધસાગર ડેરી (મહેસાણા) ખાતે પીસ વર્કના કોન્ટ્રાક્ટના ભાવોમાં ધરખમ ઘટાડો કરી બે વર્ષમાં ૨૦ કરોડ રૂપિયાનો સંઘને સીધો ફાયદો અપાવવામાં સફળતા પ્રાપ્ત કરી.



અગાઉના શાસનમાં દૂધસાગર ડેરીના વિવિધ પ્લાન્ટોમાં વપરાતા કેમીકલોના ભાવો અંગે ફેરવિચારણા કરી - કરકસરયુક્ત નેગોસિએશન કરી વાર્ષિક ૩ કરોડ રૂપિયા ઓછા કરવામાં આવ્યા.

મહેસાણા તથા રાજસ્થાન અને દિલ્હીના કાર્યક્ષેત્રમાં બિનજરૂરી અને વધારે પડતાં વાહનો તથા વૈભવી ગાડીઓની હરાજી કરી લાખો રૂપિયાનો બળતણ ખર્ચ તથા બિનજરૂરી રોકાણના પૈસા પરત લેવામાં આવ્યા. ચેરમેનશ્રી સહિત નિયામક મંડળે ઘરનું ટિફીન અને ઘરની ગાડી વાપરવાનું વ્રત લીધું.

કોન્ટ્રાક્ટ બેજ ઉપર ટેન્કરમાં જતાં ૧૨૩ સેમ્પલરની પોસ્ટ રદ કરી તે જવાબદારી ટેન્કર માલિકને આપી વાર્ષિક ૨ કરોડ ૨૧ લાખ ચાલીસ હજાર રૂપિયા નો આબાદ બચાવ કરવામાં આવ્યો.

મહેસાણા દૂધસંઘ દ્વારા ભૂતકાળમાં ઉત્પાદિત માખણ, પાવડર જેવી બનાવટો મૂકવા કોલ્ડસ્ટોરેજ અને ગોડાઉનો બેફામ ભાડાથી રાખવામાં આવ્યા હતા તેમના માલિકોને મળી ભાવોમાં ધરખમ ઘટાડો કરી સંઘના કરોડો રૂપિયા બરબાદ થતાં અટકાવવામાં આવ્યા.

નામદાર કોર્ટની મંજૂરીથી ભૂતકાળમાં રાજસ્થાનથી પકડાયેલું પામઓઈલ મિશ્રિત ૯૦૦ મેટ્રીક ટન ઘીનું પશુઆહાર તરીકે વેચાણ કરી પશુપાલકોના હકના આશરે ૨૦ કરોડ ઉભા કરવામાં આવ્યા.

સરકારશ્રી અને ફેડરેશનને દૂધસાગરની વિતેલા દશ વર્ષની પરિસ્થિતીથી વાકેફ કરી દિલ્હીના બજારમાં કાચા દૂધનું વેચાણ વધારવામાં આવ્યું તથા દિલ્હીમાં અમૂલ બ્રાન્ડના નામે મિઠાઈ વેચવાની બ્લ્યૂ પ્રિન્ટ તૈયાર કરવામાં આવી.

અમૂલ AMCS હેઠળ ડિજીટલ ટેક્નોલોજીથી સમગ્ર કાર્યક્ષેત્રને જોડી લેવામાં આવ્યું છે.

દૂધસાગર કેટલફીડ પ્લાન્ટ (જગુદણ-ઉબખલ) ખાતે કોન્ટ્રાક્ટનો ભાવ ઘટાડો કરી ૨.૪૦ કરોડની બચત ઉભી કરવામાં આવી.

હરિયાણા રાજ્યના કરનાલ તથા હિમાચલ પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં દૂધ સંપાદન અને વિતરણના હક્ક ફેડરેશન તરફથી મેળવવામાં સફળતા મળી.

સંસ્થાના ચેરમેનશ્રીએ પોતાના નિયામક મંડળ સાથે દિલ્હીમાં કેન્દ્રિય મંત્રી શ્રી.પુરષોત્તમભાઈ રૂપાલા અને શ્રી. મનસુખભાઈ માંડવીયાને મળી દૂધસાગરમાં અગાઉ GAIL કંપની દ્વારા ૫ હજાર ક્યૂબિક મીટર ગેસ સપ્લાય થતો હતો તે વધારી ૧૦ હજાર ક્યૂબિક મીટર મેળવ્યો.

દૂધસાગર ડેરીના વેટરનરી વિભાગ દ્વારા સૌ પ્રથમવાર સિંગલ કોલ વિન્ડો (૧૦૮ જેવી) વિઝિટ કોલસેન્ટર સેવાની શરૂઆત કરવામાં આવી અને વિઝિટ ફી માં પણ રૂ.૧૦૦ નો ભારે ઘટાડો કરવામાં આવ્યો જેનાથી અગાઉ પ્રતિદીન ૬૫૦ વિઝીટ થતી હતી તે ૧૧૬૦ સુધી પહોંચી.

કોન્ટ્રાકટના વધારાના ૫૫૦ જેટલા માણસો ઘટાડી વાર્ષિક ૬.૫૦ કરોડ રૂપિયા બચાવવામાં આવ્યા.

દૂધસાગરના ચેરમેનશ્રી તથા MD શ્રી અને તમામ વિભાગોના ઉચ્ચ અધિકારીઓએ ભારે મનોમંથન કરી પ્રતિ એક લિટર દૂધનો વહિવટીય ખર્ચ ઘટાડવા એક્શન પ્લાન્ટ ઘડી કાઢ્યો અને તેમાં ભરપૂર સફળતા મળી રહી છે.

કોરોનાના સમયમાં સામાજિક ઉત્તર દાયિત્વના ભાગરૂપે મહેસાણા શહેરમાં ૩૩૪ લિટર પ્રતિમિનીટની ક્ષમતાવાળો ઓક્સિજન પ્લાન્ટ ઉભો કરવામાં આવ્યો તથા આર્યુવેદિક શાખા સાથે મળી એક સાથે ૧૪૦૦ ગામડાઓના છ લાખ પશુપાલકોને ઉકાળા વિતરણ કરવામાં આવ્યું.



કોરોના સમયે નવા શાસનની ટૂંકા ગાળામાં પ્રથમ અને મહેસાણા દૂધસંઘની ૬૧ મી સાધારણ સભા મળી. જેમાં દૂધના ભાવમાં ફરી ૧૦ રૂપિયા વધારવામાં આવતા ખરીદ ભાવ રૂપિયા ૬૮૦ થયા અને આ સાથે જ દૂધના ભાવો આપવામાં દૂધસાગર ડેરી રાજ્યમાં બીજા સ્થાને પહોંચી

દૂધસાગર ડેરીના સેલ્સ વિભાગ દ્વારા તા.૧૭ જૂલાઈ ૨૦૨૧ ના રોજથી ગ્રાહક જાગૃતિ અભિયાનની શરૂઆત કરી સ્થાનિક વેચાણને મજબૂત કરવાનું અભિયાન કરવાનું હાથ ધરાયું

તા.૧૯ ઓગષ્ટના રોજ દૂધસંપાદન વધારવા અને ગ્રામીણ બજારમાં પગદંડો જમાવવા MD સહિત ડેરીના ઉચ્ચ અધિકારીઓ એ ટેન્કર પ્રવાસ સાથે સમગ્ર કાર્યક્ષેત્રનો અભ્યાસ કર્યો.

પશુપાલકો માટે ભેંસ લેવાની લોન યોજનાની શરુઆત થઈ તેમજ આ વર્ષે હરિયાળી ક્રાંતિ માટે દૂધસાગર ડેરીનો અમૂલ ગ્રીન એવોર્ડથી સન્માન થયું.

લાંબાગાળા બાદ મોતીભાઈ ફાઉન્ડેશનની દૂધસાગર ડેરીમાં મીટીંગ મળી જેમાં જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા શ્રી. રઘુવીરભાઈ ચૌધરી, પદ્મશ્રી માલજીભાઈ દેસાઈ, હરીભાઈ ચૌધરી (શેઠ) અને હસમુખભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ સાથે સ્વ.મોતીબાપુના પુત્ર મોહનભાઈ ચૌધરી હાજર રહ્યા.

ગામડાઓમાં પશુપાલક બહેનો તથા તેમના બાળકો કોમ્પ્યુટર શિક્ષણ મફત મેળવી શકે તે માટે NASSCOM - AMUL - SAP અને દૂધસાગરના સંયુક્ત ઉપક્રમે અદ્યતન લેપટોપ વાન સાથે શિક્ષણકાર્ય શરૂ કરાયું.

દૂધસાગર સંસ્થાને રૂા. ૬૪૦ માં પડતો પ્રત્યેક સેકસડ્ સિમેન ડોઝ લેવામાં પશુપાલકો અચકાતા હોવાથી નવા શાસકોએ તેને માત્ર રૂા. ૫૦ માં આપવાનો નિર્ણય કર્યો જેના પગલે આજે સમગ્ર વિસ્તારમાં આ આધુંનિક ડોઝ પ્રત્યે પશુપાલકો આગ્રહી બન્યા છે.

ઈ.સ.૨૦૨૦ માં સાગરદાણનો ભાવ જે રૂા. ૧૩૫૦ હતો જેને નવા નિયામક મંડળે રૂા.૧૩૦૦ કરતાં ગ્રાહકોને વાર્ષિક ૮૦ કરોડ નો ફાયદો થયો અને જગુદણ ફેક્ટરી ખાતે ૩૮ % અને ઉબખલ ખાતે ૩૦ % નો પ્રોડકશનમાં ધરખમ વધારો નોંધાયો

નવા નિયામક મંડળ દ્વારા અગાઉ દૂધના જે ૬૫૦ ભાવ મળતા હતા તેમાં બે તબક્કે ૩૦ રૂપિયાનો ભાવ વધારે મળતાં ગ્રાહકોને વાર્ષિક ૧૦૦ કરોડથી વધુનો ફાયદો થયો

પ્રથમ વર્ષના અંતે ચેરમેન સાહેબશ્રી. ના સ્વખર્ચે ૬૯,૦૬૮ KM નો પ્રવાસ નોંધાયો જેમાં તેઓએ શાસનના ૩૫૦ દિવસોમાંથી દૂધસાગર ડેરીને ૨૭૦ દિવસ સંપૂર્ણ રીતે સમર્પિત કર્યા.

સહકારી દૂધ ઉદ્યોગ માટે રાજ્ય સરકારની અથવા કેન્દ્ર સરકારની તમામ યોજનાઓનો લાભ પશુપાલકોને મળે તે માટે ચેરમેનશ્રી. તથા નિયામક મંડળ જાગૃત છે અને ગામોની દૂધ મંડળીઓને દૂધઘર તથા ગોડાઉન માટે ૫-૫ લાખની સહાય વિજળી ગતિએ પ્રાપ્ત થઈ રહી છે.

કોરોના કાળમાં મૃત્યુ પામેલા તથા અગાઉ રહેમરાહે નોકરી માટે રાહ જોઈ રહેલા ૨૩ ઉમેદવારો જેમાં ૧૦ મહિલાઓ અને ૧૩ પુરુષોને સંસ્થાના ચેરમેન શ્રી. ના વરદ હસ્તે નોકરીના ઓર્ડર આપવામાં આવ્યા.

સાગરદાણનું વેચાણ ઐતિહાસીક સપાટીએ પહોંચ્યું. વેચાણમાં ૨૭% નો ધરખમ વધારો નોંધાયો. જગુદણ અને ઉબખલ ખાતેની સાગરદાણ ફેક્ટરીઓ ૨૪ કલાક ધમધમી ઉઠી.

અખિલ ભારતીય પ્રથમ સહકારી સંમેલનમાં દૂધસાગર ડેરીએ પોતાનું પ્રતિનીધિત્વ નોંધાવ્યું.

તા.૧૫ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ વર્ષો બાદ દૂધસાગર ડેરીમાં કાયમી અને હંગામી કર્મચારીઓ માટે સુરક્ષા ટ્રેઈનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.

૨૦૨૧ ના વર્ષમાં ગત વર્ષની તુલનાએ દૂધસાગરના સ્થાનિક વેચાણમાં ૮% નો વધારો અને જિલ્લા બહારના વેચાણમાં ૩૧% નો ધરખમ વધારો નોંધાયો.

માનેસર ડેરી ખાતે જૂના બોઈલરમાં માત્ર પ્રશાસનની કોઠાસૂઝથી એક ચિમની બદલી દેવામાં આવતાં રોજના ૨૦૦ લિટર ડિઝલની બચત થવા પામી જે હિસાબે વાર્ષિક ૫૭ લાખથી વધુની બચત થવા પામી.

ભારત સરકારશ્રી.ની NPDD યોજના અંતર્ગત સંસ્થાએ ૬૦% સબસીડી વાળા ૫૦૦ નંગ દૂધમાં ભેળસેળની ચકાસણી વાળા મશીનો મંજૂર કરાવતાં દૂધસાગરના દૂધમાં ભેળસેળનો અવકાશ શૂન્ય થવા પામશે.

રાજસ્થાન ખાતે કોઠાસૂઝથી દૂધ પ્રાપ્તીના ૪૭ રૂટ ઓછા કરી દેવાથી વાર્ષિક આશરે ૬ કરોડ રૂપિયાની બચત સંસ્થાને થવા પામી રહી છે.

નવા મેનેજમેન્ટના અસ્તિત્વ બાદના આ બે વર્ષોમાં ડેરીના CS વિભાગની કાર્યપદ્ધતિમાં આમૂલ ફેરફાર કરવામાં આવ્યા છે. સતત મંડળીઓ સાથે સંપર્કમાં રહેવાનો નિયમ અકબંધ કરાયો છે તથા આ બે વર્ષોમાં ઓડિટ કરી અંગત વપરાતા કરોડો રૂપિયાના નાણાં સંઘમાં જમા લેવડાવી થાપણોના આંકડાને આકાશની ઉંચાઈએ લઈ જવાના પ્રયત્નો સતતના ધોરણે ચાલુ છે.

તા.૧૭ સપ્ટેમ્બર : ૨૦૨૧ ના રોજ પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસને નમોત્સવથી મનાવવામાં આવ્યો અને તેની યાદમાં દૂધસાગરના કાર્યક્ષેત્રમાં ૧,૫૧,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું

દૂધસાગર ડેરીના નવા પ્રશાસનની અવિરત મહેનત અને પ્રયત્નોના પગલે છેલ્લા ચાર વર્ષથી અટવાઈ ગયેલા ૨૨૮૧ પશુપાલકોના વીમા ની કરોડો રૂપિયાની રકમ અપાવવામાં સંસ્થા સફળ રહી.

એપ્રિલ ૨૦૨૦ થી નવેમ્બર ૨૦૨૦ સુધી સંસ્થાનું વ્યાજ ખર્ચ જે 52.30 કરોડ હતું જે એપ્રિલ ૨૦૨૧ થી નવેમ્બર ૨૦૨૨ સુધીમાં 34.43 કરોડ થયું આમ, સંસ્થાને બે વર્ષમાં માત્ર વ્યાજ ખર્ચમાં જ 30.75 કરોડ ફાયદો થયો.

ધારૂહેડા ડેરી ખાતે દૂધના વેચાણમાં ૩૭ %, છાશના વેચાણમાં ૨૫% અને દહીંના વેચાણમાં ૪૬% નો વિક્રમ જનક વેચાણ અંક નોંધાયો. માનેસર ખાતે દૂધના વેચાણમાં ૧૨%, દહીંમાં ૧૫%, UHT મિલ્કમાં ૮.૫૨% અને આઈસક્રીમના વેચાણમાં ૪૫% નો તોતિંગ વધારો થયો.

ભારત સરકારશ્રી.ની NPDD યોજના હેઠળ દૂધસાગર સંસ્થાએ ૬૦% સહાય વાળા ૧૦૦ બલ્ક કુલર મંજૂર કરાવવામાં તીવ્ર ગતિએ સફળતા પ્રાપ્ત કરી.



દૂધસાગર ડેરીની સાગરદાણ માટેની ખરીદી હોય કે મશીનરી માટેની એક લાખથી વધુની તમામ ખરીદીઓ ઓનલાઈન ટેન્ડર પધ્ધતિ અને પછી રીવર્સ ઓક્શન અને ત્યારબાદ વ્યક્તિગત નિયામક મંડળનું નેગોશિએશનના પરિણામે આ બે વર્ષોમાં પશુપાલકોના કરોડો-કરોડો રૂપિયાની બચત એજ આ નિયામક મંડળની પ્રથમ સફળતા છે.

નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ (NDDB) સાથે સંકલન કરી વ્યાજ સહાય યોજનાનો લાભ લેતા સંસ્થાને ૩૦ કરોડ રૂપિયાનો સીધો ફાયદો થયો.

રાજસ્થાન ખાતેના પાવતા અને લોચુકાબાસ ખાતે ભેંસનું દૂધ અને મીક્ષ દૂધનું કલેકશન જુદુ કરી આ દૂધને માનેસર અને ધારૂહેડા પ્લાન્ટ ખાતે મોકલી લાખો રૂપિયાનો અવરજવરનો ખર્ચો બચાવી લેવામાં આવ્યો.

દૂધસાગર સંચાલિત દૂધમાનસાગર ડેરી (માનેસર) ખાતે સોલાર સિસ્ટમ અપનાવવામાં આવતાં વાર્ષિક ૪૭ લાખની બચત થવા પામી.

દૂધ માનસાગર ડેરી ખાતે અગાઉ ૨૦૨૦ માં UHT પેકીંગ મટેરીયલ્સ ફિલ્મનો બગાડ ૧.૬૦ % હતો. વિવિધ જાગૃતિના પગલાઓથી તેમાં ૧.૦૬ % સુધી સુધારો થતાં લાખો રૂપિયાની બચત થવા પામી.

ભારત સરકારના પ્રાકૃતિક ખેતી અભિગમને સાકાર કરવા દૂધસાગર ડેરી કટિબધ્ધ બની અને ખેડૂતો તથા પશુપાલકોની પ્રાકૃતિક ખેત પેદાશોની ખરીદી કરી તેના વેચાણ માટે સાગરફ્રેશ નામની રીટેલ શોપની શરૂઆત કરી.

**૧૧૬ લિટર છાશ અને ૧૭૧૪ લિટર દૂધથી ગ્રામીણ વેચાણની નવા શાસન દરમ્યાન શરૂઆત કરવામાં આવી હતી. જે તાજેતરમાં પ્રતિદીન ૫૫૦૦૦ લિટર પહોંચી વેચાણમાં ૧૪.૪૯% ધરખમ વધારો થયો છે.**

દૂધસાગરના કાર્યક્ષેત્રમાં અમૂલ માઈક્રો ATM સુવિધાનો સંસ્થાના ચેરમેનશ્રી. ના વરદ હસ્તે નંદાસણ ખાતેથી શુભારંભ કરવામાં આવ્યો અને હાલમાં ૧૩૮ મંડળીઓમાં આ સેવા ચાલુ છે.

૬૩ મી સાધારણ સભામાં આ સંસ્થામાં આજીવન સેવા આપનાર ડિરેક્ટરશ્રી. માલજીભાઈ દેસાઈને આ વર્ષે ભારત સરકાર તરફથી પદ્મશ્રી એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા તેમનું દૂધસાગર વતીથી હજારો પશુપાલકો વચ્ચે ભવ્યાતિભવ્ય સન્માન યોજવામાં આવ્યું.

દૂધસાગર ડેરી દ્વારા ભૂતકાળમાં વિવિધ બેન્કોમાંથી જે કુલ લોન લેવામાં આવી હતી તેને નિયામક મંડળે પોતાના શાસનબાદ લોનમાં ધરખમ ઘટાડો કરી હવે, ફક્ત ૩૮૦ કરોડ લોન ચૂકવવાની બાકી રહી છે.

દૂધ સાગરના ધારૂહેડા ખાતે બિનજરૂરી સેન્ટર AC ઓફિસો બંધ કરાઈ પ્લાન્ટ લેવલના જરૂરી સુધારો કરી માત્ર વિજખર્ચમાં જ આશરે ૩.૩૮ કરોડની બચત ઉભી કરવામાં આવી.

દૂધસાગરના ધારૂહેડા પ્લાન્ટ ખાતે વિજળી સહિત પાણીનો ઘટાડો કરી એક લિટર દૂધ પાછળ ૧૭ પૈસાનો ખર્ચો ઓછો કરવામાં આવતા વાર્ષિક ૪ કરોડ બચાવવામાં સફળતા મળી.

**મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ સંચાલિત જુદા-જુદા પ્લાન્ટોમાં વપરાતા કેમીકલમાં ફેરફાર કરવાથી વાર્ષિક રૂપિયા ૧ કરોડ બચાવવામાં આવ્યા.**

રાજસ્થાન ખાતે આવેલા વિવિધ શીતકેન્દ્રોના એગ્રીમેન્ટમાં મિનીમમ ગેરેન્ટીમાં ફેરફાર કરી દૂધસંઘના આશરે ૪૯ લાખની બચત કરવામાં આવી.

ભૂતકાળમાં અમેરીકન કંપની સાથે થયેલા કરાર અનુસાર આપણી સંસ્થા પ્રત્યેક સેક્સડ્ સિમેન ડોઝ ૬૪૦ રૂપિયાથી ખરીદતી હતી જેમાં વાતચીતને અંતે ૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવતાં વાર્ષિક ૩ કરોડ રૂપિયા બચવા પામ્યા.

**અગાઉના પ્રશાસન દ્વારા એક પનીર મશીનનું ટેન્ડર જે ૩૨.૯૩ કરોડ રૂપિયામાં મંજૂર કરવામાં આવ્યું હતુ તે ટેન્ડર નવા પ્રશાસને રદ કરી પારદર્શકતાથી માત્ર ૭.૧૨ કરોડમાં ખરીદી સંસ્થાના સીધેસીધા ૨૫ કરોડ આબાદ બચાવી લીધા.**

મહેસાણા ડેરી ખાતે એકમાત્ર કેનડોક બંધ કરી દેવાના નિર્ણયથી વાર્ષિક ૧ કરોડ રૂપિયાની બચત સાથે ISO ના ધારાધોરણો જાળવવામાં સફળતા મળી.

દૂધસાગર ડેરીના ૬૪ વર્ષના ઈતિહાસમાં દૂધના સૌથી વધુ ખરીદ ભાવ - ભાવવધારો અને એનાથી પણ ઉત્તમ શિયાળામાં ભાવ અડીખમ રહ્યા અને તે ઠંડીના ગાળામાં આશરે ૩૦ રૂપિયાનો ભાવ વધારો થયો

ફૂડ & સેફ્ટી ઓથોરીટી ઓફ ઈન્ડિયા FSSAI દ્વારા દૂધસાગર ડેરીને A+ ગ્રેડ થી સન્માનવામાં આવી.

દૂધસાગર ડેરીના વહિવટનો એક પૈસો પણ વાપર્યા વિના માત્ર સ્વૈચ્છિક દાતાઓની રકમથી ભવ્ય અને દિવ્ય દૂધસાગર શિવાલયમાં શિવસાગર મહાદેવના આગમન માટે મંદિર નિર્માણનું કાર્ય પૂર્ણતાના આરે છે.

મધમાખી ઉછેર તાલીમ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી. આ દિશામાં પશુપાલકો અને ખેડૂતો કામ કરવા રાજી થાય તે માટે વિવિધ તાલીમ વર્ગો અને સહાય અંગે જાગૃતિ અભિયાન ચાલી રહ્યા છે.

**દૂધસાગર ડેરી દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે મહેસાણા જિલ્લાના ૪૫૩ કૂપોષિત બાળકોને ૩ માસ માટે દત્તક લેવામાં આવ્યા.**

દૂધસાગર ડેરીમાં ૫૧ મા રાષ્ટ્રીય સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી તથા ઓછામાં ઓછા અકસ્માત બને તે અંગે નિષ્ણાતો દ્વારા તાલીમ આપવામાં આવી.

દૂધસાગર ડેરી દ્વારા ગોબરધન યોજનાની શરૂઆત કરવામાં આવી અને માત્ર ૫૦૦૦ રૂપિયામાં ૩૭૦૦૦ ની સરકારી સહાયથી ૪૨૦૦૦ રૂપિયાનો ગોબરગેસ પ્લાન્ટ નાખવાનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે.

**વહેલી સવારે દૂધ દોહન સમયે સંસ્થાના MD શ્રી. તથા CS વિભાગના હેડ પોતાની ટીમ સાથે પશુપાલકોને વાડામાં અથવા તબેલામાં રૂબરૂ મૂલાકાત લેવાની ઉત્તમ પરંપરા શરૂ કરવામાં આવી.**

**ગુજરાતની અન્ય ડેરીઓની સરખામણીમાં દૂધસાગરનું પશુદાણ (સાગરદાણ) રૂ.૧૫૦ સસ્તું હોવાથી પશુપાલકોને વાર્ષિક ૧૦૦ કરોડનો ફાયદો થઈ રહ્યો હતો અને સાગરદાણના વેચાણમાં ૪૦% નો ધરખમ વધારો નોંધાવવા પામ્યો.**

**નૂતન નિયામક મંડળની બીજી અને દૂધસાગર ડેરીની ૬૩ મી સાધારણ સભામાં સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ જ્યારે આ સંસ્થાના ઈતિહાસનો સૌથી મોટો આશરે ૧૪% જેટલો ઐતિહાસીક એટલે કે, રૂપિયા ૩૨૧ કરોડનો ભાવ વધારો જાહેર કરાયો ત્યારે પશુપાલકોના ઉત્સાહનો મહેરામણ મોતીબાપુ ફરી આવ્યા એ નારા સાથે મહેંકી ઉઠ્યો !!**

**નવા પ્રશાસનના આગમન બાદ ડેરીના કુલ ટર્ન ઓવરમાં ૨૦% નો વધારો થયો અને સૂચિતાંક ૬૦૨૮ કરોડે પહોચ્યો.**

**દૂધસાગરના નવા મેનેજમેન્ટે સંસ્થાની પારિવારીક ભાવના મજબૂત કરવા સેટલમેન્ટ અંગેની લાગણીને શત પ્રતિશત સંતોષ આપ્યો અને તેમાં નાના કર્મચારીનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું.**

૬૩ મી સાધારણ સભાએ સર્વાનુમતે મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવેલી નવીન પાવડર પ્લાન્ટની ૨૮૦ કરોડ રૂપિયાની દરખાસ્તને ઉભા થઈ મંજૂરી આપી.



**૬૩ મી સાધારણ સભા સુધીમાં નવા નિયામક મંડળ દ્વારા ક્રમશ ૬૦ રૂપિયાનો ખરીદભાવ થઈ ચૂક્યો હતો અને દૂધસાગરના કાર્યક્ષેત્રના પશુપાલકોને વાર્ષિક ૨૦૦ કરોડ વધુ મળતા થયા હતા.**

દૂધસાગર ડેરીમાં સૌથી વધુ સમય ચેરમેન પદે રહેલા સ્વ.મોતીભાઈ ચૌધરીના જન્મ શતાબ્દીના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા હોઈ આખુ વર્ષ મોતીબાપુ વંદના વર્ષ તરીકે જાહેર કરાયું

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ ના મુખપત્ર દૂધસાગર પત્રિકા દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન સ્વ.મોતીબાપુના સંસ્મરણોને શબ્દ સ્વરૂપ આપી વંદના વર્ષની શરૂઆત કરી.

દૂધસાગરના વિહારશીત કેન્દ્રથી ગાયના ઘીનું ૨૦૦ ML, ૫૦૦ ML અને એક લિટરનું જાર પેકીંગ શરૂ કરવામાં આવ્યું.

NDDB અને સરકારશ્રી. ના સહયોગથી દૂધસાગર ડેરી દ્વારા મોઢેરા સૂર્યમંદિર ખાતે ભવ્યાતિભવ્ય યોગદિવસનો આયોજન કર્યુ જેની નોંધ કેન્દ્ર સરકાર સુધી લેવાઈ.

મોતીબાપુ વંદનાવર્ષની ઉજવણીના ભાગરૂપે દૂધસાગર ડેરી મહેસાણાના ઓફિસ બિલ્ડીંગના પ્રવેશદ્વારે સ્વ.માનસિંહભાઈ તથા સ્વ.મોતીભાઈના વિશાળ તૈલચિત્રોનું ચેરમેનશ્રી.ના વરદહસ્તે અનાવરણ કરવામાં આવ્યું.

૬૩ મી સાધારણ સભાના અસાધારણ અને ઐતિહાસીક નિર્ણયોથી અભિભૂત થઈ ૫૫૦ થી વધુ દૂધ મંડળીઓના હોદ્દેદારોએ ચેરમેનશ્રી. અશોકભાઈને રૂબરૂ મળી આભાર વ્યક્ત કર્યો.

તા.૧૫ ઓગષ્ટ ૨૦૨૨ ના રોજ દૂધસાગર ડેરીએ પોતાની અખંડ રાષ્ટ્રભાવનાને ઉજાગર કરવા મહેસાણા ડેરીના દરવાજે ૧૦૦ ફૂટ ઉંચો રાષ્ટ્રધ્વજ અખંડ રીતે લહેરાવ્યો.

તા.૧૫ ઓગષ્ટ ૨૦૨૨ ના આઝાદીના અમૃત મહોત્સવમાં ભાગ લેતાં દૂધસાગરના કાર્યક્ષેત્રમાં આવતા તમામ છ લાખ પશુપાલકો અને દૂધમંડળીઓએ પોતાના ઘર તથા મંડળી ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવી આઝાદીની ઉજવણી કરી.

નવીન પાવડર પ્લાન્ટની ખરીદીમાં ચેરમેનશ્રી.એ પારદર્શીતાનો નવો ચીલો ચાતર્યો. મશીનરી વેચવા ઉત્સુક પાર્ટીઓને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની હાજરીમાં બોલાવી તમામ ખુલાસા અને નેગોશિએસન કરતાં સંસ્થાને સીધે સીધા ૯૭ કરોડ રૂપિયાનો ફાયદો થયો.

આઝાદીના અમૃત મહોત્સવના શુભારંભ સમયે દૂધસાગર ડેરી ઉપરથી રાષ્ટ્રધ્વજ લહેરાવતાં ચેરમેનશ્રી.એ દૂધના ખરીદભાવમાં વળી રૂ. ૧૦ નો વધારો જાહેર કરતાં દૂધના ભાવો રૂ.૭૩૦ થયા.

ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ શ્રી.આચાર્ય દેવવ્રતજી ના અધ્યક્ષ સ્થાને મહેસાણા દૂધસાગર ડેરીમાં પ્રાકૃતિક ખેતીની પાઠશાળા કાર્યક્રમ યોજાયો. આ દરમ્યાન દૂધસાગરના પવિત્ર વાતાવરણથી મહામહિમે પોતાની ખુશી અને રાજીપો વ્યક્ત કર્યો.

નવીન પાવડર પ્લાન્ટ તથા UHT પ્લાન્ટ માટે તૈયાર કરવાના સિવીલ (ઈમારત) ના ટેન્ડરમાં ફરીથી પારદર્શકતાનું પવિત્ર હથિયાર ઉપયોગમાં લેવાયું અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સંપૂર્ણ હાજરી વચ્ચે ૧૬.૯૭ કરોડની બચત થવા પામી.

UHT ના નૂતન પ્લાન્ટની મશીનરીની ખરીદીમાં ફરી સૌ જવાબદાર નિયામક મંડળના સભ્યો વચ્ચે ઉત્સુક પાર્ટીઓને બોલાવી ભાવ કરવામાં આવતાં સંસ્થાને માત્ર આ એક જ ખરીદીમાં ૫૦.૧૭ કરોડ રૂપિયાનો ફાયદો થયો.

રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથેના સૂમેળ ભરેલા સબંધોને પરિણામે દૂધઘર અને ગોડાઉન ની સરકારી સહાય મળવામાં તીવ્ર ગતિ આવી. વિતેલા ૪ વર્ષમાં આ બાંધકામો માટે ૨ કરોડ ૧૦ લાખ સહાય મળી હતી જે નવા નિયામક મંડળના આગમન બાદ ૨ વર્ષમાં ૨ કરોડ ૬૦ લાખે પહોંચી.

તા.૯ ઓક્ટોબરના રોજ ભારત ગણતંત્રના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદી સાહેબના સ્વહસ્તે મોઢેરા ખાતેથી દૂધસાગર ડેરીના નૂતન પાવડર પ્લાન્ટ અને UHT પ્લાન્ટનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું. આ પ્રસંગે પ્રધાનમંત્રી શ્રી.એ જાહેર મંચ ઉપરથી દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ તથા સાથી નિયામક મંડળના ભરપેટ વખાણ કર્યા.

દૂધસાગર ડેરીએ વૈજ્ઞાનિક અભિગમ અપનાવતાં જગુદણ ખાતે પશુભ્રુણ પ્રત્યારોપણ (એમ્બ્રિયોટ્રાન્સફર) પ્રયોગશાળાની શરૂઆત કરી. આ પધ્ધતિથી સામાન્ય રીત`પશુઓ પોતાના જીવનકાળ દરમ્યાન ૫ થી ૬ માદા બચ્ચાંને જન્મ આપતાં હતાં તે ૫૦ થી ૬૦ એટલે કે દશ ગણાં વધુ ઉચ્ચ ગુણવત્તાવાળી ઓલાદના માદાબચ્ચાંને જન્મ આપી શકશે.

દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. તથા નિયામક મંડળ સહિત ડેરીના ઉચ્ચ અધિકારીઓએ દિલ્હી ખાતે યોજાયેલ વર્લ્ડ ડેરી સમિટમાં સંસ્થાનું પ્રતિનિધિત્વ કર્યું.

મહેસાણા દૂધસાગર ડેરીના આશરે ૬૫ વિઘા ના સંકુલને પ્રથમવાર ધારાધોરણો અનુસાર ફાયર ફાઈટીંગ સિસ્ટમથી સુરક્ષીત કરવામાં આવી.

નૂતન વર્ષ : ૨૦૨૨ જાન્યુઆરીની પ્રથમ પ્રભાતથી દૂધના ખરીદભાવોમાં દૂધસાગર દ્વારા ફરીથી પ્રતિકીલો ફેટે રૂ.૨૦ નો ભાવવધારો જાહેર કરવામાં આવ્યો. આ ભાવના સમાવેશ સાથે દૂધનો કુલ ખરીદભાવ ૭૭૦ થયા.આમ, દૂધસાગર ડેરીના નવા ચેરમેન શ્રી. અશોકભાઈ બી. ચૌધરીના નેતૃત્વ હેઠળના નિયામક મંડળે પોતાના આશરે ૨ વર્ષના શાસન દરમ્યાન દૂધના ભાવોમાં કુલ ૧૨૦ રૂપિયાનો ભાવવધારો આપતાં દૂધસાગરના પશુપાલકોને વાર્ષિક આશરે ૫૦૦ કરોડ રૂપિયાથી વધારેનો ફાયદો થવા પામ્યો છે.



દૂધસાગરના નવા પાવડર અને UHT પ્લાન્ટ માટે મહેસાણા ડેરીમાં થોડાક વૃક્ષો ખસેડવા જરૂરી હોવાથી મેનેજમેન્ટે વૃક્ષ પ્રત્યારોપણ પધ્ધતિનો સહારો લઈ લગભગ ૧૦૭ પુખ્ત વૃક્ષો બચાવી લીધા.

દૂધસાગરના શ્રેષ્ઠ ૧૦ દૂધ ઉત્પાદકોને નવા નિયામક મંડળના આગમન બાદ સાધારણ સભામાં સાગરરત્ન એવોર્ડથી સન્માનિત કરવાની ઉમદા પરંપરાની શરૂઆત કરવામાં આવી અને સંસ્થાના ચેરમેનશ્રી. તથા MD શ્રીએ તેમની સાથે ચા ઉપર ચર્ચા કરી ઉતમ પશુપાલન અંગેના વિચારો સમગ્ર વિસ્તારમાં ફેલાય તેવા ઉદ્દેશથી ભવિષ્યમાં સૌને એક મંચ ઉપર લાવવાની યોજનાઓ બનાવી.

સને.૨૦૨૨ ના વર્ષમાં દૂધસાગર ડેરી દ્વારા વિવિધ ગામડાઓની દૂધ મંડળીઓ ઉપર સ્વચ્છતા અને મહિલા શિક્ષણ કાર્યક્રમો સફળતા પૂર્વક યોજવામાં આવ્યા.

દૂધસાગર ડેરી (મહેસાણા) ખાતે આકાર લઈ રહેલ નૂતન પાવડર પ્લાન્ટ અને UHT પ્લાન્ટ માટેની જગ્યાના ખોદકામ બાદ નિકળેલી માટીમાંથી જરૂરીયાત સીવાયની માટીનું વેચાણ કરવામાં આવતાં માટીના પ્રત્યેક મેટ્રીક ટન ઉપર સંસ્થાને ૩૭ રૂપિયાનો લાભ પ્રાપ્ત થયો છે.

દૂધના ખરીદભાવમાં મેનેજમેન્ટ દ્વારા ફરી રૂ. ૧૦ નો ભાવવધારો જાહેર કરતાં કુલ ખરીદભાવ રૂ.૭૫૦ થયો.

દૂધસાગર ડેરી સંચાલિત જગુદણ પશુ તાલીમ કેન્દ્ર ખાતે હાલમાં વર્ષભર વિવિધ વર્ગો દ્વારા ગ્રામ્યકક્ષાએ દૂધ મંડળી ઉપરથી પશુપાલકોના દિકરા દિકરીઓ કૃત્રિમ બિજદાન ટેક્નીશીયન બને તેનું શિક્ષણ અપાઈ રહ્યું છે. આ રીતે તૈયાર થતાં પશુપાલકોના બાળકો આત્મનિર્ભર બનશે તથા આગામી ભવિષ્યમાં હાલમાં ચાલી રહેલો બાયફ કંપનીનો કોન્ટ્રાક્ટ બંધ થતાં દૂધ સંઘને વાર્ષિક ૩ કરોડ રૂપિયાની બચત થશે.

દૂધસાગર ડેરી સંચાલિત MIDFT કોલેજને GSIRF દ્વારા ૪ સ્ટાર રેંકીંગ પ્રાપ્ત થયું.

## પ્રેરણાસ્ત્રોત

દૂધસાગરની અન્ય ગ્રામ્ય દૂધમંડળીઓએ આ માર્ગ અપનાવવા જેવો ખરો !!

# કડી તાલુકાની જાસલપુર દૂધ મંડળીએ નવો ચીલો ચાતર્યો





કોઈ સહકારી સંસ્થા એના સંચાલકોની ગતિવિધીથી પ્રભાવિત થયા વિના રહેતી નથી. જ્યારે નાની કે મોટી કોઈપણ સામૂહિક સંસ્થામાં નિતીમત્તા અને પોતાના સભાસદોને આગળ લઈ જવાની ભાવના હોય ત્યારે અશક્ય લાગતાં કામ સરળ બની જતા હોય છે ! દૂધસાગરના કાર્યક્ષેત્રમાં કડી તાલુકાની શ્રી. જાસલપુર દૂધ મંડળીએ તાજેતરમાં તમામ દૂધમંડળીઓ જે માર્ગ અપનાવી પોતાના વિસ્તારમાં સુખ સમૃધ્ધિના સૂરજનો ઉદય કરી શકે તેવો પ્રશંસાને પાત્ર માર્ગ અપનાવ્યો છે. આ મંડળીના પ્રમુખ અને મંત્રીએ આ દૂધ મંડળીનો આર્થિક વ્યવહાર જે બેંક સાથે ચાલે છે તેવી યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર ચૌધરી સુભાષભાઈ સાથે મળી પશુપાલકોને ભેંસ માટે મળતી લોન નો રસ્તો સરળ - સાફ અને આસાન બનાવી પોતાની મંડળીના ૨૦૯ ગ્રાહકોમાંથી ૧૫૦ ગ્રાહકોને - પ્રત્યેકને ૧ લાખની લોન મંજૂર કરાવવામાં સફળતા મેળવી છે. આ પશુલોનનો વ્યાજદર ૭% છે અને નિયમિત લોન ભરપાઈ કરનારને ૩% વ્યાજ સબસીડી આપવામાં આવે છે. પશુપાલકોને લોન મળવી સરળ બની રહે તે માટે તેઓ મંડળીમાં દૂધ ભરાવતા હોવાનો દાખલો, બે જામીન, આધાર કાર્ડ અથવા કોઈપણ kyc ડોક્યુમેન્ટ જમા કરાવે ત્યારબાદ જાસલપુર દૂધ મંડળી ગ્રાહક અંગેનો અભિપ્રાય બેંકને આપે ત્યારે તરતજ બેંક તરફથી લોન મંજૂર કરી દેવામાં આવે છે. દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં જાસલપુર દૂધ મંડળીના પ્રમુખ શ્રી.ભરતભાઈ જી. પટેલ અને મંત્રીશ્રીએ જણાવ્યું કે ; અમારી મંડળીના તમામ ગ્રાહકોના ખાતાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની જાસલપુર શાખામાં આવેલા છે. આ બેંકના મેનેજરશ્રી. સુભાષભાઈ ચૌધરી મૂળ રાજસ્થાનના હોવા છતાં આ વિસ્તારના ગરીબ પશુપાલકો દૂધના વ્યવસાય થકી સન્માનનો રોટલો રળી શકે તે માટે સતત કાર્યશીલ અને ઉદાર મત ધરાવે છે. માત્ર ગ્રાહક પોતાની આવકમાંથી લોનના હપ્તા ભરી શકે તેટલો વિશ્વાસ મળ્યા બાદ તેઓ જાજી પળોજણ અને નિયમોને પકડી રહેવાને બદલે લોન મળી રહે તેવા પ્રયત્નોમાં રહેતા હોવાથી જાસલપુર દૂધ મંડળી સિવાય તેઓએ વિસલપુરના ૩૦ ગ્રાહકો, ભટાસણના ૧૦ ગ્રાહકો, આલમપુરના ૪૦ ગ્રાહકો, મોકાસણના ૭ ગ્રાહકો અને જાસલપુરના ૧૫૦ ગ્રાહકો સાથે કુલ ૨૩૭ પશુપાલકોને પશુલોન પેટે ૧-૧ લાખ લોન સરળતાથી મંજૂર કરી આપી છે. જાસલપુર દૂધ મંડળીના હોદ્દેદારોની સ્થાનિક ગ્રાહકોની ઓળખાણ અને આ મંડળી તરફથી ઉચિત ગ્રાહક માટે બેંકને અપાતા અભિપ્રાયને લીધે હાલતો... આ વિસ્તારમાં ૨૩૭ પશુપાલકો આત્મનિર્ભર બન્યા છે. બીજી મંડળીઓએ આ રસ્તો અપનાવવા જેવો ખરો !!

**ચરાડા - સોલૈયા - ઈન્દ્રપુરા દૂધ મંડળીઓની આગવી પહેલથી**

# દૂધસાગરનો સેક્સડ્ સિમેન ડોઝ અહીં માત્ર ૩૦ રૂપિયામાં મળશે





દૂધસાગર ડેરી દ્વારા સેક્સડ્ સિમેન ડોઝના પ્રોજેક્ટથી એક તબક્કે સંસ્થાની હાલત “સાપે છછૂંદર ગળ્યું ” જેવી થવા પામી હતી. દૂધસાગર ડેરીમાં નવા નિયામક મંડળના આગમન બાદ આ કંપની સાથે નેગોશિએશન કરી આ ભાવોમાં ૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો. ત્યારબાદ, ફેડરેશન સાથે મળી વાર્તાલાપો બાદ તેમાં ૫૦% ની અમૂલ ફેડરેશનની સહાય મેળવવામાં આવી. આમ છતાં, પ્રત્યેક ડોઝની કિંમત ઘણી ઉંચી હોવાથી પશુપાલકો આ અંગે નિરાશાનું વાતાવરણ અપનાવી રહ્યા હતા. દૂધસાગર ડેરીએ આ ડોઝમાં પોતાની અંગત રૂપિયા ૩૦૦ ની સહાય જાહેર કરી પ્રત્યેક ડોઝને માત્ર રૂા. ૫૦ ની લોકભોગ્ય કિંમતે આપવાનું જાહેર કર્યુ ત્યારબાદ, દૂધસાગરના તમામ પશુપાલકો આ ડોઝ પોતાના પશુઓ ઉપર અપનાવતા થયા. હવે, સોનામાં સુગંધ ભળે તેમ વિવિધ ગામડાઓની દૂધ મંડળીઓ પણ આ ડોઝ અંગે જાગૃત બની પોતાના નફામાંથી આ ડોઝ વધુ સસ્તો બને તે માટે પ્રયત્નશીલ બની છે. અને, તાજેતરમાં ચરાડા દૂધ મંડળી, ઈન્દ્રપુરા દૂધ મંડળી અને સોલૈયા દૂધ મંડળીએ રૂપિયા ૫૦ માં મળતા સેક્સડ્ સિમેનના પ્રત્યેક ડોઝ ઉપર પોતાની સ્થાનિક રૂપિયા ૨૦ ની સબસીડી જાહેર કરતાં હવે, આ વિસ્તારના પશુપાલકોને આ ડોઝ માત્ર રૂા.૩૦ માં પ્રાપ્ત થશે. પાડી અને વાછરડીની ૯૦% જન્મ આપવાની સંભાવના ધરાવતાં આ ડોઝ માટે અન્ય દૂધ મંડળીઓ પણ આવી ઉદારતા દાખવે તે ઈચ્છનિય છે. દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી. અને MD શ્રી. એ ઉપરોક્ત ત્રણ મંડળીઓને પોતાના હૃદયસ્થ અભિનંદન પાઠવ્યા છે.

# વિસનગર તાલુકાના ઘાઘરેટ ગામની દૂધ મંડળીનો સુવર્ણજયંતિ મહોત્સવ દબદબાભેર યોજાયો



તાજેતરમાં વિસનગર તાલુકાની ઘાઘરેટ દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો સૂર્વણજયંતિ મહોત્સવ ગુજરાત રાજ્ય સરકારના કેબિનેટ મંત્રીશ્રી. ઋષિકેશભાઈ પટેલ અને મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી તથા ડિરેક્ટરશ્રી. એલ.કે. પટેલની ઉપસ્થિતી વચ્ચે દબદબાભેર આ દિવસની ઉજવણી કરવામાં આવી. દૂધસાગર ડેરી ઉત્તર ગુજરાતનું પ્રાણતત્વ છે તેવી ભાવનાથી ઐતિહાસીક દૂધના ખરીદભાવ અને ઐતિહાસિક ભાવવધારો આપનાર નવા નિયામક મંડળના સુકાની શ્રી. અશોકભાઈ ચૌધરીનું આ તબક્કે ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

દૂધસાગરના સાહસિક
શ્વાસે શ્વાસે દૂધસાગર

# દૂધસાગરના ખોળામાં - સાબરમતી કિનારે

# એક મહિલા મંડળી આત્મસન્માનના શ્વાસ લઈ રહી છે : પેઢામલી

**અહીં જયાબેન પોતાના એક વર્ષના બાળકનું ઘોડિયું હિચોળતાં-હિચોળતાં દૂધ મંડળીના હિસાબો કરે છે**













મહેસાણા દૂધસાગર ડેરીથી આશરે 66 km દૂર વિજાપુર તાલુકાના સાબરમતી નદી કિનારે આવેલા - આજની તારીખે પણ પ્રાથમિક સુવિધાઓથી વંચીત અને લગભગ લગભગ પોતાની માલિકીની જમીન વિહોણું ગામ એટલે પેઢામલી !

દૂધસાગર પત્રિકાએ જ્યારે એક વહેલી સવારે આ ગામની દૂધમંડળીની રૂબરૂ મૂલાકાત લીધી ત્યારે, જો આ જિલ્લામાં દૂધસાગર ડેરી ના હોત તો શું થાત? એ વિચાર માત્રથી ઠંડીની એક લહેરખી શરીર સોંસરવી નિકળી ગઈ.

આશરે ૧૦૫૦ ની વસતી ધરાવતું આ ગામ એક અર્થમાં જમીન વિહોણું ગામ છે. અહીં રોજગારી માટે કોઈ વિકલ્પ જ નથી. ગામના શરેરાશ પુરુષો ધરૂવાડીયામાં (નર્સરી) માં છોડ ઉછેરવાનું અથવા સાબરમતી નદીમાંથી માટી ઉપાડવાનું કામ કરે છે. ગામમાં દશ થી પંદર લોકો પાસે જ પોતાની જમીન છે. ત્યાં ખેતી અને પશુપાલનના વ્યવસાયનો વિચાર પણ ક્યાંથી આવે. આવામાં, ગુજરાત વિધાપીઠના એક સેવાભાવી સજ્જન જલદીપ ઠાકર અને તેમના ધર્મપત્ની સ્નેહલબેન ગ્રામ્યશિલ્પી બની આ ગામમાં આવ્યા અને તેમણે જોયું કે ગૌચરમાં પોતાના ઢોર ચરાવી કેટલાક લોકો માઢી (બાજુના ગામ) દૂધમંડળીમાં કિલોમીટરો દૂર ચાલતા જઈ દૂધ ભરાવતા હતાં છતાં, એમને અનેક તકલીફોનો સામનો કરવો પડતો હતો. ગામલોકો પાસે પૈસા તો હતા જ નહીં ત્યારે આ દંપતિએ એક રૂપિયાના ટોકન ભાડાથી મંડળીના મકાન માટે જમીન લીધી - મંડળી માટે સરકારી સહાય પાંચ લાખ મળે પણ .. બાકીના ચાર લાખ ક્યાંથી લાવવા ? ONGC ની મદદ લેવાઈ. ચાર લાખ તેના ફંડમાંથી અને પાંચ લાખ સરકારના - મંડળીનું મકાન તૈયાર થયું અને તા.૨૧-૧૨-૨૦૧૧ ના રોજ પેઢામલી મહિલા મંડળી (૧૪૪૨) ની સ્થાપના થઈ. દૂધસાગર ડેરીની મદદથી બલ્ક કૂલર મળ્યું. પ્રથમ વર્ષ માટે માત્ર ગામ લોકોને શીખવવાના ઉદ્દેશથી સ્નેહલબેન ઠાકર મંત્રી બન્યા અને કાંતાબેન રબારી પ્રથમ પ્રમુખ બન્યા. લોકોને દૂધના ધંધાથી જાગૃત કર્યા અને ત્યારબાદ એક વર્ષ પછી આજ ગામના દિકરી જયાબેન ભીખાજી ચૌહાણે દૂધ મંડળીનું મંત્રીપદ સંભાળ્યું તો ચંદ્રીકાબેન રાવળે ટેસ્ટરની ભૂમિકા નિભાવી. લખવાનું તો એટલું બધું છે કે, આ પત્રિકાના કાગળ ઓછા પડે પણ : ટૂંકમાં, આજે ગામના ૪૫ પરિવારો આ મંડળી દ્વારા જીવન નિર્વાહ કરી રહ્યા છે. ટંકે ૨૦૦ લિટર દૂધ પ્રાપ્ત થાય છે. સિત્તેર લિટર દૂધથી શરૂ થયેલ આ મંડળી આજે દિવસનું ૪૦૦ લિટર દૂધ ભેગું કરે છે જે હવેના ભાવવધારાના કારણે ૭૦૦ લિટર થવાની સંભાવના જયાબેને અમારી સમક્ષ વ્યક્ત કરી. ટેન્કરમાં દૂધનો ટોટો ભરાવવાનું કામ હોય, મંડળી અથવા બલ્ક કૂલરની સફાઈ હોય આ બહેનો ૨૪ કલાક મંડળીમાં બધા જ કામ જાતે કરે છે અને પગાર માત્ર પાંચ હજાર છે. અનુભવના આધારે, બંન્ને બહેનો અમૂલની મદદથી કોમ્પ્યુટર શીખી ગઈ છે. મંત્રી બેન તો પોતાનું બાળકનું ઘોડીયું પણ મંડળીમાં રાખે છે અને ખુશાખુશાલ હાલતમાં પોતાનો કર્મયોગ નિભાવે છે. અમારી મુલાકાતમાં અમને જાણવા મળ્યું કે ; પહેલાં આ મંડળી કાચા સંશાધનો સાથે ગામના અંબાજી માતાના મંદિરમાં શરૂ થઈ હતી. આજે તો દૂધસાગરે જ્યારે ૩૨૧ કરોડમાં ભાવવધારો કર્યો ત્યારે સ્થાનિક પેઢામલી મહિલા મંડળીએ પણ સ્થાનિક નફો ચાર લાખ રૂપિયા વેચ્યો. દૂધસાગરના છ લાખ પચ્ચીસ હજાર અને પેઢામણી મંડળીના ચાર લાખ મળી કૂલ દશ લાખ પચ્ચીસ હજાર નફો વેચાયો ત્યારે લોકોને પાંચ હજારથી લઈ પચ્ચીસ હજાર સુધીની વધારાની રકમ મળી. આજે દૂધના ધંધાને સહારે આ ગામ વખતના વાયરા સામે ઝઝૂમી રહ્યું છે છતાં આત્મસન્માન પૂર્વક પોતાનું અસ્તિત્વ અડીખમ લઈ ઉભું છે. દૂધસાગર આવા લોકો માટે પરમાત્માથી ઓછી નથી તે વાતનું પ્રતિબિંબ એટલે - પેઢામલી મહિલા દૂધ મંડળી !!




26 જાન્યુઆરી 2023 : ગણતંત્ર દિવસ - મહેસાણા દૂધસાગર ડેરી ખાતે મોતીભાઈ આર. ચૌધરી સાગર સૈનિક સ્કૂલના બાળકોના નેતૃત્વમાં આ સંસ્થાના ઈતિહાસમાં ઉજવાયેલો પ્રથમ એવો રાષ્ટ્રીય તહેવાર હતો જ્યાં દૂધસાગર અને દેશપ્રેમ એકબીજામાં ઓતપ્રોત થઈ ગયા !! દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરી, MD શ્રી.ધીરજકુમાર, ડિરેક્ટરશ્રી. યોગેશભાઈ પટેલ, રણજીતસિંહ સોલંકી, દિલીપભાઈ ચૌધરીની પ્રેરક ઉપસ્થિતીમાં દૂધસાગર થકી રાષ્ટ્રનિર્માણ સંકલ્પને સિધ્ધ કરવા તમામ અધિકારીઓ અને કર્મચારીઓ સંકલ્પબધ્ધ બન્યા.

## હવે, દૂધસાગર ડેરીનું તમામ કાર્યક્ષેત્ર CCTV થી સુરક્ષિત



તા.૨૬ જાન્યુઆરી ગણતંત્ર દિવસના રોજ દૂધસાગર ડેરીના સંચાલનને વધુ સક્ષમ બનાવવા ત્રીજી આંખનો મજબૂત સહારો લેવામાં આવ્યો છે. સમગ્ર દૂધસાગરના કાર્યક્ષેત્રને તબક્કાવાર CCTV કેમેરાથી જોડી લેવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. હાલમાં, મહેસાણા દૂધસાગર ડેરીના સમગ્ર પરિસરને ૪૭૫ જેટલા CCTV કેમેરાથી સૂસજ્જ કરાતાં સંસ્થાના ચેરમેન શ્રી. તથા MD અને ડિરેક્ટર્સશ્રીઓની ઉપસ્થિતીમાં કંટ્રોલરૂમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ચાર અલગ અલગ કેટેગરીના કેમેરાથી સમગ્ર પ્લાન્ટ, ઓફિસ બિલ્ડીંગ, MIDFT અને કોલોની સાથે ધારૂહેડા, માનેસર, તમામ શીતકેન્દ્રો અને દાણ ફેક્ટરીઓને આવરી લઈને સેન્ટ્રલ ગેટ પાસે મોનિટરીંગ કંટ્રોલરૂમ બનાવાયો છે. જ્યાંથી સમગ્ર અવરજવર અને દૂધસાગરની તમામ ગતિવિધી ઉપર 24x7 બાજનજર રાખવામાં આવશે. આશરે ૧.૫ કરોડના ખર્ચે થયેલ આ સુવિધાથી ૩૫ દિવસ સુધીનું રેકોડીંગ સ્ટોર કરી શકાશે.

## દૂધસાગરની વિકાસયાત્રા વધુ વેગવંતી બની

## 30 મેટ્રીકટન ક્ષમતા ધરાવતો મિનરલ મિક્ષ્ચર પ્લાન્ટ દૂધ ઉત્પાદકોને સમર્પિત



ભારત ગણતંત્રદિન નિમીત્તે દૂધસાગરની જગુદણ સાગરદાણ ફેક્ટરી ખાતે સંસ્થાના ચેરમેનશ્રીના વરદ્ હસ્તે પ્રતિદીન ૩૦ મેટ્રીક ટન ક્ષમતાનો ફુલ્લી ઓટોમેટીક મિનરલ મિક્ષ્ચર પ્લાન્ટ પશુપાલકોને સમર્પિત કરવામાં આવ્યો છે. હાલના, સમયને અનુરૂપ ઘરે બંધાઈ રહેતા જાનવરના શરીરને ખનીજ તત્વોની ઉણપ વર્તાવાના કારણે પ્રજનનને લગતી સમસ્યાઓના તથા દૂધની ક્ષમતા વધારવા તથા ગાય ભેંસના બચ્ચાંઓને સુપોષિત રાખવા તથા દૂધની ક્વોલિટી અને SNF જળવાઈ રહે તે માટે મિનરલ મિક્ષર અત્યંત જરૂરી બન્યું છે. મિનરલ મિક્ષ્ચર પાવડર એ વૈજ્ઞાનિક પધ્ધતિ અનુસાર સંપૂર્ણ કાળજીપૂર્વક બનાવવામાં આવે છે. આ પ્લાન્ટથી દૂધસાગરના કાર્યક્ષેત્રમાં પશુધન સમૃધ્ધ બનશે.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા